Date = 27/09/2025
Sandesh Gandhinagar
Page NO 07

### બાકીના રેલવે સ્ટેશનનું કામ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થવાની સંભાવના

# ૨૮મીથી કોબા ગામ, જૂના કોબા વધુ બે મેટ્રો સ્ટેશન કાર્યરત થશે

### અત્યાર સુધીમાં ૨૨ સ્ટેશન પૈકી ૧૫ મેટ્રોરેલ સ્ટેશન કાર્યરત થયાં

। ગાંધીનગર ।

ગાંધીનગર અમદાવાદ વચ્ચેના મેટ્રોરેલના સેકન્ડ ફેઝનું કામ ટુંક સમયમાં જ પુર્ણ થવાની ધારણા છે ત્યારે મેટ્રોરેલ પ્રશાસન દ્વારા તા. ૨૮ ને રવિવારથી મહાત્મા મંદિર મોટેરા સ્ટેડિયમ વચ્ચે વધુ બે મેટ્રોરેલ સ્ટેશન કાર્યરત કરવામાં આવશે. આ મેટ્રોરેલ સ્ટેશનમાં કોબા ગામ અને જુના કોબા સ્ટેશનનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છેકે, ફેઝ -૨માં મોટેરાથી મહાત્મા મંદિર વચ્ચે કુલ ૨૨ સ્ટેશનો કાર્યરત થશે. બાકીના સ્ટેશનોનું કામ ટુંક સમયમાં પુર્ણ થતા ડિસેમ્બરના અંત સુધીમાં મેટ્રોરેલ છેક, મહાત્મા મંદિરના આંગણે જોવા મળશે. એક વર્ષ પુર્વે ગાંધીનગર અમદાવાદ મેટ્રોરેલના સેકન્ડ ફેઝમાં મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ વચ્ચે શરૂ થયેલી મેટ્રોરેલને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લીલીઝંડી આપવામાં આવી હતી. ત્યારબાદ સમાયંતરે બાકી રહેલા સ્ટેશનોનું કામ પુર્ણ થતા મેટ્રોરેલ હાલ છેક સચિવાલયના દ્વાર સુધી પહોંચી છે. જોકે, જુના સચિવાલયથી મહાત્મા મંદિર વચ્ચે હજુ મેટ્રોરેલ સ્ટેશનનું કામ ચાલુ છે. બીજીતરફ જુના કોબા અને કોબા ગામ પાસેનું મેટ્રોરેલ સ્ટેશનનું કામ તાજેતરમાં



જપર્ણ થતા મેટ્રોરેલ પ્રશાસન દ્વારા આ બંને સ્ટેશનો શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. આ બંને સ્ટેશન તા. ૨૮ને શનિવારના રોજ કાર્યરત થશે. આ બે સ્ટેશનો પૈકી કાબા ગામથી સચિવાલય તરફ આવવા માટે પ્રથમ ટ્રેન સવારે ૮.૩૨ કલાકે ઉપલબ્ધ બનશે. જ્યારે એપીએમસી તરફ જવા માટે સવારે ૮.૦૪ કલાકે ટ્રેન ઉપલબ્ધ બનશે. જ્યારે છેલ્લી ટ્રેન સચિવાલય માટે સાંજે ૧૯.૪૫ અને એપીએમસી તરફ જવા માટે ૨૦.૦૭ કલાકે ઉપલબ્ધ બનશે. જ્યારે જુના કોબા સ્ટેશનથી સચિવાલય તરફ આવવા માટે સવારે ૮.૨૯ કલાક અને એપીએમસી તરફ જવા માટે સવારે ૮.૦૬ કલાક તેમજ છેલ્લી ટ્રેન ૧૯.૪૫ અને સાંજે ૨૦.૧૦ કલાકે ઉપલબ્ધ બનશે.